કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષાની કામગીરી/આયોજનમાં યુનિવર્સિટીઓને સોફ્ટવેર તૈયાર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક
સચિવાલય-ગાંધીનગર
તારીખ:- ૧૮-૦૩-૧૬

વંચાણે લીધા:૧) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા. ૩૦-૦૯-૦૬

૨) સા.વ.વિ.ના પરિપત્ર ક્રમાંક- પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક,તા.૦૧-૦૩-૧૪

૩) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક, તા.૦૭-૧૧-૧૫

૪) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક, તા.૦૯-૧૨-૧૫

**આમુખ :**

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૧ ના જાહેરનામાથી બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે કમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષાના નિયમો ઘડવામાં આવેલ છે. આ તાલીમ અને પરીક્ષા નિયમો અન્વયે તાલીમ અને પરીક્ષા કેન્દ્રોનો વ્યાપ વધારવાના હેતુથી સમયાંતરે તાલીમ અને પરીક્ષા નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૩ અને ૪ ના ઠરાવથી પરીક્ષા કેન્દ્રોનો વ્યાપ વધારવાના હેતુથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉપરાંત રાજ્યની આઠ યુનિવર્સિટીઓને કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા કેન્દ્રો તરીકે માન્યતા આપી પરીક્ષા લેવાની સત્તા સોંપવામાં આવેલ છે. ઉક્ત આઠ યુનિવર્સિટીઓને 'સીસીસી' પરીક્ષાની સોંપાયેલ કામગીરી માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ 'Software' મુજબ પરીક્ષાઓ લેવામાં આવેલ છે પરંતુ તે 'Software' મુજબ પરીક્ષા લેવામાં યુનિવર્સિટીઓને પરીક્ષા સંચાલન દરમ્યાન કેટલીક ટેકનીકલ તથા અન્ય મુશ્કેલીઓ ઉપસ્થિત થતા તેઓ પરીક્ષાનું સંચાલન સુગમ અને સરળતાથી કરી શકે તે માટે યુનિવર્સિટી દ્વારા જ 'Software' તૈયાર કરી તે મુજબ

પરીક્ષા લેવા દેવાની સત્તા આપવા મૌખિક/લેખિત રજુઆત કરવામાં આવેલ છે.
જે બાબતે સક્રિય વિચારણાને અંતે સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ :-</u>

રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગના કર્મચારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ/નિયમિત નિમણૂક માટે આપવાની થતી કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષાના આયોજન અંગેની કામગીરી તા.૦૧.૦૪.૨૦૧૬ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉપરાંત માન્યતા આપેલ અન્ય આઠ યુનિવર્સિટીઓને તેમના દ્વારા તૈયાર કરાયેલ Software' અથવા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ Software મુજબ 'સીસીસી' ની પરીક્ષા નીચેની શરતોએ લેવા માટે મંજુરી આપવામાં આવે છે.

(૧) સંબંધિત યુનિવર્સિટીએ ઉમેદવારોનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરી પરીક્ષા લેવાની રહેશે.

(૨) માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦.૯.૨૦૧૬ના ઠરાવ/જાહેરનામાથી નિયત કરાયેલ અભ્યાસક્રમ મુજબ અને ત્યારબાદ વખતોવખતના ઠરાવ/પરિપત્રોથી અપાયેલ સૂચનાઓ મુજબ 'સીસીસી' પરીક્ષા લેવાની કામગીરી કરવાની રહેશે.

(૩) માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી દ્વારા 'સીસીસી' ની પરીક્ષા સંપૂર્ણ પારદર્શી રીતે લેવાય, કોઈ પ્રકારની ગેરરિતી ન થાય, સીસીટીવી કેમેરાની સુવિધા સાથે પરીક્ષા લેવાય તથા પરીક્ષાની કામગીરીમાં ગુપ્તતા જળવાય તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત યુનિવર્સિટીઓની રહેશે.

(૪) પરીક્ષાનું પરિણામ સંબંધિત યુનિવર્સિટીઓ દ્વારા પ્રસિધ્ધ કરી (વેબસાઇટ સહિત) તેની જાણ ઉમેદવારોને અને તેમની કચેરીને કરવાની રહેશે.

(૫) કોઇપણ સરકારી કર્મચારી/અધિકારી યુનિવર્સિટીમાં રજીસ્ટ્રેશન કરાવી તે યુનિવર્સિટીમાંથી પરીક્ષા પાસ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૬) 'ઓનલાઈન' રજીસ્ટ્રેશન સતત ચાલુ રાખવાનુ રહેશે.

(૭) 'સીસીસી' ની પરીક્ષાનુ આયોજન જાહેર રજાઓ દરમ્યાન કે તે સિવાય ચાલુ દિવસો દરમ્યાન કરવુ તે બાબતે સંબંધિત યુનિવર્સિટીઓએ નિર્ણય લેવાનો રહેશે.

(૮) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૬.૧૧.૨૦૧૩ ના ઠરાવથી નિયત કરાયેલ અથવા આ અંગે ભવિષ્યમાં સરકાર દ્વારા નિયત કરવામાં આવે તે મુજબ પરીક્ષા ફી લેવાની રહેશે.

(૯) પરીક્ષાના ઓનલાઇન રજીસ્ટ્રેશન બહોળી જાહેરાત સંબંધિત યુનિવર્સિટીએ કરવાની રહેશે.

(૧૦) સંબંધિત યુનિવર્સિટીએ આ કામગીરી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

(૧૧) દર માસની ૫મી તારીખ સુધીમાં આગળના માસ દરમિયાન લેવાયેલ પરીક્ષાની સંકલિત માહિતી સામાન્ય વહીવટ વિભાગને અચૂક મોકલવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડ્યા)
સંયુક્ત સચિવશ્રી(મ)
સામાન્ય વહિવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
રજીસ્ટ્રારશ્રી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) , અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ/સર્વે અધિકારીશ્રીઓ
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારું.
<u>સિલેક્ટ ફાઈલ</u>
*પત્ર દ્વારા

પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. -૦૪-૨૦૧૬
06 APR 2016

પ્રતિ,
રજીસ્ટ્રાર
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
પાટણ

વિષય: કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષાની કામગીરી/આયોજનમાં સોફ્ટવેર તૈયાર કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૯-૧૨-૧૫ ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧-ક થી કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષાની કામગીરી/આયોજન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઉપરાંત અન્ય આઠ યુનિવર્સિટીને સોંપવામાં આવેલ છે. જેમાં આપની યુનિવર્સિટીને પણ સોંપવામાં આવેલ છે. જે અન્વયે તા.૧૮-૦૩-૨૦૧૬ ના સમાન ક્રમાંકના ઠરાવથી આપની યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ સોફ્ટવેર મુજબ પરીક્ષા લેવા કેટલીક શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે. તથા તેમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨-૦૪-૨૦૧૬ ના ઠરાવથી સુધારા કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે) તદનુસાર કમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષા અંગેની કામગીરી/આયોજન તાત્કાલિક હાથ ધરવા વિનંતી છે.

(દેવી પંડ્યા)
સંયુક્ત સચિવશ્રી(મ)
સામાન્ય વહિવટ વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ: ઉપર મુજબ